ક્ષેમરાજ

લેખક : **શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ**

ગુર્જરેશ્વર ભીમદેવ સોલંકીને આબુ–ચંદ્રાવતીના પરમાર રાજાઓ સાથે અનેક વાર લડવું પડયું હતું અને તેણે તેમની પાસે ગુર્જરેશ્વરનું માંડલિક પદ કબુલાવ્યું હતું; તેમ છતાં તેઓએ મનસ્વીપણું છોડયું નહોતું. આથી કંટાળેલા ભીમદેવે એક વાર જ્યારે રાજા કૃષ્ણદેવ પરમારને હાર આપી, ત્યારે તો તેણે કૃષ્ણદેવને પકડીને પાટણમાં લાવી તુરંગમાં પૂર્યો હતો. ભીમદેવની ઉત્તર વયનો એ કાળ હતો.

થોડાં વર્ષ પછી નાડોલના ઠાકોર બાલપ્રસાદે પાટણ આવી, ભીમદેવને મળી, કૃષ્ણદેવને મુક્ત કરવા તેને વિનંતિ કરી, ત્યારે કૃષ્ણદેવે ગુર્જરેશ્વરના માંડલિક તરીકે રહેવા મૌખિક સ્વીકાર કર્યો, એટલા પરથી જાણે દયાથી પ્રેરાયો હોય તેમ ભીમદેવે તેને મુક્ત કરવાની તુરંગાધ્યક્ષને આજ્ઞા કરી, (સંવત ૧૧૧૭), તેથી ભીમદેવના બેઉ કુમારોને ક્ષેમરાજ તથા કર્ણદેવને આશ્ચર્ય થયા વિના રહ્યું નહિ.

ભીમદેવે પુત્રોને સમજાવ્યું : " ગમે તેવો તોયે તે આપણો પડોશી રાજા છે. આજ્ઞાંકિત રહીને તે પોતાની વસતીનું રક્ષણ કરતો હોય તો પાટણ પરનો એટલો ભાર ઓછો."

ક્ષેમરાજ કશું ન બોલ્યો, પણ કર્ણે તત્ક્ષણ કહ્યું : " ભૂતકાળનો અનુભવ આપ વીસર્યા તો નહિ હો. આબુના પરમારો માળવાના પરમારોની સોડમાં ભરાતાં વાર લગાડતા નથી."

" છતાં આપણી પ્રત્યે આજ્ઞાંકિત રહેવાના શપથ લેનાર શત્રુનેય તક આપવી જોઈએ."

એ પ્રત્યુત્તર સાંભળી કર્ણને લાગ્યું કે નાડોલનો ઠાકોર પિતાની વીર પ્રકૃતિને ભુલાવવામાં ફાવી ગયો છે. ક્ષેમરાજને લાગ્યું કે વાર્ધકયમાં સ્વાભાવિક રીતે આવતી માનસિક દુર્બળતા ઉદારતારૂપે પિતાજીમાં દર્શન આપવા લાગી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભીમદેવની ઉત્તર વયને કાળે રાજ્યકાર્ય પ્રતિ મંત્રીઓ લક્ષ આપતા અને રાજકુમારો ગુર્જરેશ્વરને સહાયક બનતા. જરૂર પડે ત્યારે ભીમદેવ પુત્રો દ્વારા મંત્રીઓને પોતાની ઇચ્છા વિદિત કરતો અને મંત્રીઓ તદનુસાર વર્તતા. ભીમદેવ હવે આજ્ઞાઓ આપવાનું છોડીને બહુધા સ્વેચ્છા જ પુત્રો કે મહામંત્રી સમક્ષ વ્યક્ત કરતો.

*

માલવ પ્રદેશમાંનો વિહાર પૂરો થતાં મુનિ સુરાચાર્ય પાટણમાં આવ્યા કે તુરત તે ભીમદેવના કુશળવર્તમાન જાણવા રાજમહાલયમાં જઈ પહોંચ્યા અને રાજસેવક દ્વારા ધર્મલાભનો સંદેશો કહાવ્યો.

સુરાચાર્ય પ્રત્યે ભીમદેવનો ભક્તિભાવ હતો. એ ભક્તિ ધર્માનુરાગ કરતાં ગુણાનુરાગને વિશેષ આભારી હતી. મુનિ સુરાચાર્ય પરમ પંડિત હતા, દર્શનશાસ્ત્રના જ્ઞાતા હતા, અને સાહિત્યશાસ્ત્રમાં નિપુણ હતા. તેમના ગુરુ મુનિ દ્રોણાચાર્ય સંસારપક્ષે ભીમદેવના મામા થતા હતા. તે વિદ્યમાન હતા ત્યારે સુરાચાર્ય મુનિ ગુરુ સંગાથે ભીમદેવના પરિચયમાં આવ્યા હતા. ભોજરાજાના પંડિતો કોઈ કોઈ વાર ગુર્જરેશ્વરના પંડિતોની પરીક્ષા કરનારી સાહિત્યસમસ્યાઓ રાજસભામાં મોકલતા, ત્યારે એ સમસ્યાઓના ઉત્તરો કેટલીક વાર સુરાચાર્ય મુનિએ રચેલા શ્લોકોમાં જતા. એ મુનિએ ભોજની રાજસભામાં પણ પંડિતો સાથે સાહિત્યચર્ચા કરીને પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

મુનિના આગમનનો સંદેશો મળતાં ભીમદેવ ઢોલિયામાં સૂતો હતો તે બેઠો થયો. તેની સામે બિછાવેલી ગાદી પર મહામંત્રી ભાભ, પુરોહિત સોમેશ્વર અને યુવરાજ ક્ષેમરાજ બેઠા હતા તેઓ જરા આઘા ખસ્યા અને ભીમદેવે સેવકને કહી મુનિ માટે વચ્ચોવચ કાષ્ઠાસન મુકાવ્યું. પછી તેણે મુનિને પધારવાનો પ્રત્યુત્તર પાઠવ્યો.

“ધર્મલાભ” ઉદ્‌ગારતા સુરાચાર્ય મુનિ આવ્યા એટલે ભીમદેવે ઊભા થઈ મસ્તક નમાવી વંદન કર્યું, અને બીજાઓએ પણ ઊભા થઈ તેનું અનુકરણ કર્યું. મુનિ આસન પર વિરાજ્યા એટલે બધા યથાસ્થાને બેઠા.

મુનિએ ભીમદેવની કુશળતા પૂછતાં કહ્યું : “નગરમાં આવતાં જ મેં સાંભળ્યું કે આપનું સ્વાસ્થ્ય બરાબર રહેતું નથી, એટલે હું માત્ર આપની કુશળતા જાણવા આવ્યો છું.”

“જરાઅવસ્થા પોતાનું કામ કરે છે.” ભીમદેવે સ્વસ્થતાથી ઉત્તર આપ્યો : “કુમારો, મંત્રીઓ અને રાજસેવકો મને શ્રમ પડવા દેતા નથી એટલે સ્વસ્થ રહી શકાય છે.”

મુનિ બોલ્યા : “તે સારું છે. હવે જરાઅવસ્થા આવી છે એટલું જે મનુષ્ય સમજે છે તે પુણ્યશાળી લેખાય છે.”

પુરોહિત વચ્ચે બોલ્યો : “વસ્તુતઃ શક્તિની ક્ષીણતા દ્વારા જરા પ્રકટ થાય છે, અને જો એ ક્ષીણતા નિવારવાના આયુર્વેદે નિરૂપેલા ઉપચારો કરવામાં આવે તો જરાને નિવારી શકાય છે.”

મહામંત્રી બોલ્યો : “અને મુનિરાજ! મહારાજ કોઈ ઔષધ લેવાની ના કહે છે, એટલે ક્ષીણતા વધતી જાય છે.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભીમદેવ બેઉને પ્રત્યુત્તર આપતાં બોલ્યો : " તમે બધા કહો છો, પણ એથી કાંઈ જરાનું સર્વદા નિવારણ થવાનું છે ? વહેલો કે મોડો જરાનો અંતિમ આઘાત તો થવાનો જ છે ને ! "

ભીમદેવના એ શબ્દો સાંભળીને સુરાચાર્ય બોલ્યા : " મહારાજને યોગ્ય કાળે યોગ્ય સમજ પ્રકટી છે. જે જરાને પિછાણીને જાગ્રત રહે છે અને ઉત્તર વયનાં કર્તવ્યોમાં ચિત્તને પરોવે છે તે જ પોતાના મનુષ્યત્વને સફળ કરે છે."

ભીમદેવ બોલ્યો : " તો ઉત્તર વયનું કર્તવ્ય શું તે હવે આપ સ્પષ્ટતાથી કહો."

" ઉત્તર વયનું કર્તવ્ય એટલે નશ્વરનો ત્યાગ અને શાશ્વતનું આરાધન. સ્થૂલત્વમાંથી ચિત્તને ખસેડીને સૂક્ષ્મત્વમાં જોડવું તે મનુષ્યને જરાનો સંદેશ છે. એ સંદેશ ભૂતકાળમાં અનેક રાજવીઓએ અને પુણ્યશાળી પુરુષોએ ઝીલ્યો છે."

ભીમદેવે પ્રશ્ન કર્યો : " આપ સદ્‌ગત મૂલરાજદેવની વાત કહો છો ? "

" અનેક રાજવીઓ એ માર્ગે ગયા છે, અને મનુષ્યત્વને સફળ કરી ઇહલોકમાં અમર થયા છે. મૂલરાજદેવ, ચામુંડદેવ અને વલ્લભરાજ જેવા રાજવીઓ તો પુરાતન કાળના વીર રાજવીઓને પગલે ચાલ્યા છે. આપે પોતનપુર નરેશ સોમચંદ્ર મહારાજના ત્યાગની કથા કોઈ વાર સાંભળી છે ? "

" નથી સાંભળી."

" મહારાજ સોમચંદ્રના મસ્તકના કેશ શ્વેત થતા હોવાનું તેમને ભાન થયું કે તુરત તેમણે વાનપ્રસ્થ થવાનો પોતાનો નિર્ણય પુત્ર પ્રસન્નચંદ્રને અને રાણી ધારિણી દેવીને જણાવી દીધો. પુત્ર તો પિતાની ઇચ્છાને માન આપવા તૈયાર થયો, પણ રાણીએ કહ્યું કે ' મને પણ આપ વનનિવાસમાં સાથે રાખવાનું સ્વીકારો; હું સ્વામીથી અળગી રહીશ નહિ.' રાજાને માટે એ કાર્ય એટલા માટે મુશ્કેલ હતું કે તે વખતે રાણી ગર્ભવતી હતી."

ક્ષેમરાજ વચ્ચે બોલ્યો : " તો રાજાએ રાણીના પ્રસૂતિકાળ તથા બાળકના સ્તનંધયાવસ્થાના કાળ સુધી વનમાં જઈ રહેવાનું મુલ્તવી રાખવું જોઈએ; અથવા રાણીએ વનનિવાસનો વિચાર છોડી દેવો જોઈએ."

મુનિ બોલ્યા : " એ વ્યવહારુ માર્ગ છે ખરો, પરંતુ વીર પુરુષો અને સતી સ્ત્રીઓ એવા વ્યવહારને કારણે પોતાના નિશ્ચય-ધર્મમાંથી ચલિત થતાં નથી. તેવી સ્થિતિમાં રાજા સોમચંદ્રે રાણી સાથે રાજધાની છોડીને કેટલેક દૂર વેતસા નદીને તીરે આવેલા તપોવનમાં નિવાસ કરવાનું ઠરાવ્યું; ત્યાં અનેક ઋષિકુળો વસી રહેલાં હતાં. પછી તેમણે આપ્તજનોની, મિત્રોની, રાજસેવકોની અને નગરજનોની ક્ષમા માંગી અને તુરંગમાં પૂરેલા કેદીઓને ક્ષમા આપી મુક્ત કર્યા."

ભીમદેવ વચ્ચે બોલ્યો : " એ એમણે યથોચિત કાર્ય કર્યું."

મુનિ આગળ બોલ્યા : " પછી રાજા-રાણીએ રાજધાનીમાંથી પ્રસ્થાન કર્યું. રાણીના આગંતુક પ્રસૂતિકાળને કારણે તેમને એક ધાત્રીને પોતાની સાથે લેવી પડી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામંત્રી બોલ્યો : "ધાત્રીને સાથે રાખી, તો થોડા અનુચરો, વાહનો અને બીજી આવશ્યક સામગ્રી પણ સાથે રાખવામાં હરકત નહોતી."

મુનિ બોલ્યા : "વાનપ્રસ્થાશ્રમી થવું એટલે વનમાં નાની સરખી રાજ-રિયાસત સ્થાપીને સુખે રહેવું એવું ત્યાગીઓને માન્ય હોતું નથી. સંસારત્યાગ એટલે નગરમાંનો સંસાર પુનઃ વનમાં વસાવવો એમ નહિ. રાજા પણ રાજમહેલ અને સુખસામગ્રી તજીને વનનાં જ ધાન્ય-ફળાદિથી કે મર્યાદિત સામગ્રીથી ઉદરનિર્વાહ કરે તથા જરૂરીઆતો ઓછી કરીને ઋષિનું નિઃસ્પૃહ જીવન જીવે. જે સમૃદ્ધિનો સ્વેચ્છાથી ત્યાગ કર્યો હોય તે બીજે માર્ગે ઇતર જનો દ્વારા ગ્રહણ ન કરવી એ તો નિષ્પરિગ્રહી તપસ્વી જીવનનું હાર્દ છે. જો રાજાએ ઇચ્છયું હોત તો તેના પુત્રે—પોતનપુરના નવા રાજવીએ—પિતાને તપોવનમાંય કોઈ વસ્તુની ઊણપ રહેવા દીધી ન હોત. પરંતુ સંસારની ઐહિક પ્રવૃત્તિ પૂરી કર્યા પછી ત્યાગી–તપસ્વીએ આત્મ-કલ્યાણની પ્રવૃત્તિમાં રત રહેવું જોઈએ; તેટલા માટે જ તે વનનિવાસ તથા સંયત જીવનને સ્વીકારે છે, એટલે તેમાંથી તે ભ્રષ્ટ ન થાય તેની તેના સંસારી આપ્તજનો તથા ઇતરજનો પણ કાળજી રાખતા હોય છે. સંસારીઓના રાગ-બંધનમાંથી અમ જેવા ત્યાગીઓને ઘણી વાર કષ્ટપૂર્વક પસાર થવું પડે છે. મનેય એવો કષ્ટાનુભવ કેટલીક વાર થયો છે, પરંતુ આત્મકલ્યાણના પરમ સાધનરૂપ સંયમના સંરક્ષણ માટે એ કષ્ટને સહી લેવું એ ત્યાગીનો ધર્મ છે, એમાં મને શંકા નથી."

ભીમદેવે પૂછયું : "હંઅ, પછી શું બન્યું ?"

"પછી તપોવનના આશ્રમમાં ધારિણીદેવીએ પુત્રને જન્મ આપ્યો, પરંતુ થોડા દિવસમાં રાણીનું મૃત્યુ થયું, એટલે ધાત્રીએ એને ઉછેર્યો. એકાદ વર્ષમાં ધાત્રીનું પણ મૃત્યુ થયું, એટલે સોમચંદ્ર ઋષિએ પુત્રને ઉછેરવા માંડ્યો. બાળકને કમંડલમાં બેસાડી તે પોતાની સાથે ફેરવતા અને સ્નાન, ધ્યાન, તપ આદિ આહ્નિક કર્મ કરતા. એ પુત્ર મોટો થવા લાગ્યો અને બીજા ઋષિકુમારોની સાથે અભ્યાસ કરવા લાગ્યો. ચૌદ વર્ષની વયે તે તપોવન છોડી પોતાના ભાઈને પોતનપુરમાં જઈ મળ્યો. એ રીતે સોમચંદ્ર ઋષિએ તપોવનમાં નિજ જીવન પૂરું કરી આત્મકલ્યાણ સાધ્યું."

ભીમદેવ બોલ્યો : "ધન્ય એ રાજત્વને અને ધન્ય એ તાપસ જીવનને! સોમચંદ્ર ઋષિએ તથા મૂળરાજદેવે પણ આચરણ દ્વારા ચીંધેલા એ માર્ગે મારે પણ જવું જોઈએ, ખરું મુનિરાજ?"

"જેમ સુખ ઊપજે તેમ કરવું; સત્કર્મમાં પ્રમાદ કરવો નહિ."

સોમશર્માએ ટકોર કરી : "જૈનધર્મમાં તપ-ત્યાગનો મહિમા બહુ ગાયો છે, તે જ આપે અત્યારે પ્રતિપાદન કર્યો, પણ પ્રજાના સંરક્ષણ માટે રાજાઓનો ક્ષાત્રધર્મ ત્યજવાયોગ્ય હોતો નથી."

મુનિએ ઉત્તર આપ્યો : "જૈનધર્મે જે કહ્યું છે તે જ વેદધર્મે બ્રહ્મર્ષિ વસિષ્ઠને રાજર્ષિ વિશ્વામિત્ર કરતાં ઊંચું સ્થાન આપીને કહ્યું છે, તે ભૂલશો નહિ, પુરોહિતજી!"

"સત્ય છે!" ભીમદેવ બોલ્યો : "પૂર્વે મહાપુરુષો:જે માર્ગે ગયા, તે જ બીજાઓનો માર્ગ હોવો ઘટે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભીમદેવના એ ઉદ્ગારથી મૌન અને ગાંભીર્ય છવાઈ ગયાં.

બે ક્ષણ રહીને ભીમદેવે ફરમાવ્યું : "ત્યારે સોમશર્મા! યુવરાજનો રાજ્યાભિષેક કરવાનું મુહૂર્ત શોધીને કાલે મને કહેજો."

આટલી ત્વરાથી ભીમદેવ રાજ્યત્યાગનો અને પુત્રના રાજ્યાભિષેકનો નિર્ણય કરશે એવું કોઈની કલ્પનામાં નહોતું, એટલે એ સાંભળનારા સર્વ કોઈ વિસ્મય પામ્યા.

મહામંત્રીએ કહ્યું : "આટલી બધી ઉતાવળ ન હોય મહારાજ! એ માટે તો સંપૂર્ણ મંત્રણા–વિચારણા કરવી જોઈએ."

"શુભસ્ય શીઘ્રમ્. યુવરાજ રાજ્ય સંભાળશે અને હું તીર્થવાસ કરીશ. ઘણાં વર્ષ રાજ્ય ચલાવ્યું, ઘણાં યુદ્ધો કર્યાં, અનેકને માર્યા, અનેકને દંડ્યા ને તુરંગમાં પૂર્યા, ઇત્યલમ્! ક્ષાત્રધર્મનું પાલન કર્યું, હવે આત્મધર્મની આરાધનામાં વિલંબ કરવો નથી."

અંતઃપુરમાં, રાજગઢમાં અને નગરમાં એ વાત તુરત પ્રસરી ગઈ. રાણી ઉદયમતીએ પતિની સાથે તીર્થવાસ કરવાનો મનોભાવ પ્રગટ કર્યો અને ભીમદેવે તે સ્વીકાર્યો.

સોમશર્માએ રાજ્યાભિષેક માટે અક્ષયતૃતીયાનું મુહૂર્ત કાઢી આપ્યું.

*

પાટણમાં રાજ્યાભિષેકના સમારંભની તૈયારીઓ થવા લાગી. માંડલિકો અને મંડલેશ્વરોને નિમંત્રણો પાઠવવામાં આવ્યાં. નગરમાં આગામી ઉત્સવનો રંગ છવાઈ ગયો.

એક દિવસ ક્ષેમરાજે એકાંતમાં પિતા સમક્ષ જઈને કહ્યું : "પિતાજી, મને ક્ષમા કરજો, પણ રાજાપદ ગ્રહણ કરવાની મારી ઇચ્છા નથી; કર્ણનો રાજ્યાભિષેક ભલે થાય!"

ભીમદેવ એકાએક ચમકી જતો બોલ્યો : "એ શું કહે છે, તું બેટા!"

"સંપૂર્ણ વિચાર કરીને મેં એ નિશ્ચય આપને જણાવ્યો છે. રાજત્વ ભોગવવામાં મને રસ નથી; રાજ્યાભિષેક માટે મને લગારે ઉત્સાહ સ્ફુરતો નથી."

"રસ નથી! ક્ષત્રિયપુત્રને ક્ષાત્રધર્મોચિત કર્તવ્યમાં રસ કેમ ન હોય?"

"એ રસ ચાખી–માણીનેય છેવટે તેનો ત્યાગ કરવો એ જ ક્ષત્રિયનું આત્મકલ્યાણ માટેનું કર્તવ્ય હોય તો ત્યાગ કરવાનો સમય આવ્યા પૂર્વે કલ્યાણમાર્ગના પ્રવાસી થવું એ મને વધુ ગમે છે. એમાં મને વિશેષ ઔચિત્ય લાગે છે."

ભીમદેવ વિચારમાં પડી ગયો. ક્ષણભર તેને લાગ્યું કે સુરાચાર્ય મુનિની વાણી ક્ષેમરાજના અંતરમાં ઊંડી ઊતરી ગઈ છે અને સોમચંદ્ર ઋષિના વાનપ્રસ્થ જીવન તરફ તેના મનનું આકર્ષણ થયું છે.

બીજી ક્ષણે તેને લાગ્યું કે ચાળીસ વર્ષના જુવાન અને રાજ્યકાર્યમાં પળોટાયેલા રાજકુમારનું એવું આકસ્મિક આકર્ષણ સ્વાભાવિક ન હોઈ શકે.

તેણે પુત્રને પૂછ્યું : "રાજત્વથી તું ભયભીત તો થયો નથી ને, બેટા?"

"ના, પિતાજી! ભય પામવાનું કશું કારણ નથી. પહેલાં જેમાં રુચિ હતી તેમાં હવે અરુચિ થઈ આવી છે, એ ખરું છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એ અરુચિનું કારણ શું છે? તને માઠું લાગે એવું કશું બન્યું છે?"

"કશું જ બન્યું નથી. વિશેષમાં દેવપ્રસાદ અને તેની માતા મારા નિશ્ચયને અનુમોદન આપે છે."

"દેવપ્રસાદ–એ કિશોર છોકરો–એને પણ શું એમ જ લાગે છે? સવારી માટે કચ્છી ઘોડાની જોડી તો તેણે હમણાં જ મંગાવી છે. તારા જેવું વૈરાગ્ય શું એને...."

ક્ષેમરાજ વચ્ચે બોલી ઊઠયો : "નહિ, નહિ, પિતાજી! એ વૈરાગ્ય નથી." ક્ષેમરાજ સ્મિત કરતો આગળ બોલ્યો : "દેવપ્રસાદ પિતૃભક્તિથી પ્રેરાઈ મારા નિશ્ચયને વધાવી લે છે. હુંય કાંઈ મને વૈરાગ્યવાસિત માનતો નથી. રાજ્ય અંગેનાં જે કાર્યો આપે મને સોંપેલાં અને મેં કરેલાં તેમાંય મારો રસ નહોતો—આપની આજ્ઞાને ધર્મ્ય તથા અધીન થવા યોગ્ય માનીને હું તેને અનુસર્યો છું. આજે જ્યારે મારે પોતાને આપનું સ્થાન લેવાનો સમય આવ્યો છે, ત્યારે જ હું આપને આટલું કહેવાનું ધૈર્ય ધારણ કરી શક્યો છું."

"તું કાંઈક અદ્ભુત લાગે તેવી વાત કરે છે...."એટલું બોલી ભીમદેવ જરા આડો પડયો અને આંખો મીંચી જાણે ઊંડા વિચારમાં હોય તેમ શાન્ત પડયો રહ્યો.

અધઘડી, ઘડી, બે ઘડી ગઈ, પણ ભીમદેવે આંખો ઉઘાડી નહિ, ત્યારે પિતાને શાન્ત નિદ્રા અનુભવતા જોઈ ક્ષેમરાજ પોતાના આવાસમાં ચાલ્યો ગયો.

ક્ષેમરાજ ઉદયમતીના આવાસમાં ગયો અને જે કાંઈ તેણે પિતાને કહ્યું હતું તે તેણે ઉદયમતીને પણ કહ્યું. રાણી ખૂબ આશ્ચર્યચકિત થઈ ગઈ. તેણે સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું કે પોતે કોઈ દિવસ રાજમાતા થવા પામશે. ક્ષેમરાજ યુવરાજ હતો, કર્ણ નાનો કુમાર હતો અને પોતે એકલા કર્ણની માતા હતી. કર્ણને ગુર્જરેશ્વરનો રાજમુકુટ પહેરવાનો અધિકાર ન હોય તો ઉદયમતીને રાજમાતા-પદ વરે એ કદાપિ બનવાનું નહોતું; છતાં જાણે ક્ષેમરાજ ચાહીને પોતાને રાજમાતા બનાવી રહ્યો હોય એવું તંદ્રાસુખ ઉદયમતીએ ઘડીભર માણ્યું.

રાજમહાલયમાં એ વાત પ્રસરતાં વાર લાગી નહિ. રાજસેવક મહામંત્રીને આવાસે પહોંચી ગયો અને તેની પાસેથી વાત જાણી મહામંત્રી પાલખીમાં બેસી રાજગઢમાં દોડી આવ્યો. તેણે મંત્રણાગૃહમાં ડોકિયું કર્યું, ત્યારે પાર્શ્વકે કહ્યું : "મહારાજ ક્યારનાય આરામ લઈ રહ્યા છે."

મહામંત્રી ઉદયમતીને આવાસે ગયો તો રાણી પણ વિચારનિમગ્ન જણાઈ. તેણે આશ્ચર્ય અનુભવતાં રાણીને પૂછ્યું તો વાત સાચી માલૂમ પડી. રાણીએ ક્ષેમરાજના સ્વમુખના શબ્દો મહામંત્રીને કહી સંભળાવ્યા.

ભીમદેવ સ્વસ્થ થઈને આસન પર બેઠો છે એવું સેવક પાસેથી જાણી મહામંત્રી ભીમદેવની પાસે ગયો કે તુરત ભીમદેવે આજ્ઞા કરી : "મહામંત્રી! રાજ્યાભિષેકનું મુહૂર્ત જળવાય એ રીતે કર્ણનો રાજ્યાભિષેક કરવાનો છે. ક્ષેમરાજની ઇચ્છાને મારે હવે સ્વીકારવી પડે છે."

"મહારાજ! રાજપદ ગ્રહણ કરવાની યુવરાજની અનિચ્છા મને ખૂબ જ વિસ્મયકારક લાગે છે. આપે એ અનિચ્છાનાં કારણો યુવરાજને પૂછ્યાં તો હશે જ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"બધું પૂછ્યું છે. તેણે અંતર ખોલીને મારા પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે, મારી શંકાઓને નિવારી મને આશ્ચર્યમાં ડુબાવ્યો છે; પણ અત્યારે મારું આશ્ચર્ય શમી જવા પામ્યું છે. હવે અન્યથા કરવું ઉચિત નથી."

નાગરિકોમાં પણ આશ્ચર્ય પ્રકટ્યું. તેઓ કાંઈ કાંઈ સંકલ્પ-વિકલ્પ કરવા લાગ્યા. કોઈ કહેતું કે ક્ષેમરાજના અંતરમાં કાંઈ ઊંડું દુઃખ હોવું જોઈએ; કોઈ માનતું કે એની પાછળ અંતઃપુરની કોઈ ખટપટ કામ કરી ગઈ હોવી જોઈએ.

રાજ્યાભિષેકનો દિવસ નજીક ને નજીક આવવા લાગ્યો હતો. કેટલાક માંડલિકો અને મંડલેશ્વરો પાટણમાં આવી ચૂકયા હતા અને કેટલાક આવી પહોંચવાના હતા, પરંતુ તેઓય આશ્ચર્ય પામી કાંઈ કાંઈ શંકા–કુશંકા સેવવા લાગ્યા હતા. બેઉ કુમારો વચ્ચે કાંઈ વૈમનસ્ય જાગ્યું જણાતું નહોતું એટલે તેઓને કશા ઉપદ્રવનો ભય રહ્યો નહોતો. તેઓ નવા ગુર્જરેશ્વરને ચરણે ધરવા રત્નજડિત અલંકારો અને અભિનવ વસ્તુઓ લાવ્યા હતા, તે ભીમદેવના મોટા કુમારને કે નાના કુમારને ચરણે ધરવાં તે તેમને મન સરખું હતું.

*

દિવસો જતા હતા. ઉદયમતી રોજ પતિને મળતી અને ક્ષેમરાજના ચિત્તના આવા પરિવર્તનનું કારણ જાણવા મથતી. ભીમદેવે જે કાંઈ મહામંત્રીને કહ્યું હતું તે જ રાણીને પણ કહ્યું હતું, પણ એ વાત રાણીના અંતરમાં બંધબેસતી નહોતી. રાજવી થવા માટે અધીરા થયેલા અનેક રાજકુમારોની વાતો તેણે સાંભળી હતી. ભૂતકાળમાં કોઈ કુમારોએ પિતાને તુરંગમાં પૂરી પોતે રાજમુકુટ પહેરી રાજ્ય ચલાવ્યું હોવાનાં દૃષ્ટાંતો તેણે સાંભળ્યાં હતાં. રાજ્ય માટે ભાઈ–ભાઈ વચ્ચે યુદ્ધો થયાં હોવાની વાતો તેણે સાંભળી હતી, ત્યારે ભીમદેવ સોલંકીનો પુત્ર આત્મકલ્યાણને માટે રાજત્વનો ત્યાગ કરવા તૈયાર થાય એ તેને સંભવનીય લાગતું નહોતું. તેને લાગ્યા કરતું હતું કે તેમાં કાંઈ રહસ્ય હોવું જોઈએ. એ રહસ્ય જાણવાની ઇચ્છાથી તેણે મહામંત્રીને પૂછ્યું હતું, મહાસામંતને પૂછ્યું હતું, રાજપુરોહિતને પૂછ્યું હતું, પણ રાણીનું મન સ્વીકારી શકે તેવું રહસ્ય કોઈ તેને બતાવી શક્યું નહોતું.

રાજ્યાભિષેકનો વિધિ થવાને એક દિવસ બાકી રહ્યો ત્યારે સાંજને સમયે ઉદયમતી પતિના શય્યાગૃહમાં પ્રવેશી. દાસ-દાસીઓ દીપકો પ્રકટાવતાં હતાં તેઓ ઝટઝટ પોતાનું કામ પૂરું કરીને બહાર ચાલ્યાં ગયાં.

ઉદયમતી પલંગની ઈસ પર બેઠી. તેણે પતિના ચરણને સ્પર્શ કર્યો, પણ મનમાંની વાત તે ઉચ્ચારી શકી નહિ. પોતે સહજ આવી હોય એવો દેખાવ કરતાં તેણે પૂછ્યું: "રાજ્યાભિષેકનો સમારંભ પૂરો થતાં આપણે કયા તીર્થમાં જઈશું? કાંઈ વિચાર કરી રાખ્યો છે?"

"કોઈ દૂરને સ્થળે નથી જવું. કોઈ શાન્ત અને નિરુપદ્રવ સ્થાન નિકટમાં જ હશે ત્યાં જઈ રહીશું. સરસ્વતીને તીરે જ અનેક તીર્થસ્થાનો છે અને તપોવનો છે. એ બાબતની વ્યવસ્થા થતાં સુધી થોડો વખત પાટણમાં રહીશું તોય ફિકર નથી. એક વાર ભાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊતર્યો અને મન હળવું થયું પછી નિવાસસ્થાનની સમતા-વિષમતાની ચિંતા રહેવા પામતી નથી, ખરું ને ?"

"ખરી વાત છે."

પછી વાનપ્રસ્થ જીવન સંબંધે પતિ-પત્ની વચ્ચે વિચાર-વિનિમય થવા લાગ્યો. તે દરમિયાન તક જોઈને ઉદયમતીએ કહ્યું : "કુમાર ક્ષેમરાજે જે કાંઈ કર્યું તે એટલું વિલક્ષણ છે કે મારા મનની એક ગ્રંથિ છૂટતી નથી."

"કઈ ગ્રંથિ ?"

"તેના આ વર્તનમાં બધા જે વિલક્ષણતા જુએ છે તે કરતાં અધિક ગહન એવું કોઈ રહસ્ય હોવું જોઈએ એમ હું માનું છું. કોઈએ એ રહસ્ય સંશોધી મારા મનનું સમાધાન કર્યું નથી."

"ચોપાસ વિસ્તરી રહેલી પાર્થિવતાને જોનારાંઓ ક્યાંથી સંશોધન કરી શકે ? અને હું તે કરું તોય તમારું સાચું સમાધાન થાય કે નહિ તેની મને ખાતરી નથી."

"આપે કહેલી વાત પર મેં કોઈ વાર શંકા કરી નથી...."

"તો હવે તમે મારી પાસેથી એ રહસ્ય જાણવા ઇચ્છો છો ? ભલે, હું કહીશ, પણ તે તમને પચશે કે નહિ તેની મને હજીય ખાતરી નથી."

"તો એટલું મારું તપ ઓછું."

"એમ નાસીપાસ ન થશો. ક્ષેમરાજની જનની બકુલાદેવી સોમનાથના મંદિરની નર્તકી હતી તે તમે જાણો છો. વસ્તુતઃ તે શિવનિર્માલ્ય યોગિની હતી. મારી પત્ની થવા તેણે પતન સ્વીકાર્યું, પણ ભક્તિયોગમાંથી તે ભ્રષ્ટ થઈ નહોતી, તેનો હું સાક્ષી છું. સગર્ભાવસ્થામાં કે પ્રસૂતિકાળમાં પણ તેનો એ યોગ ચલિત થયો નહોતો કે આથમ્યો નહોતો. કોઈ યોગભ્રષ્ટ થયેલા આત્માને પુત્ર રૂપે જન્મ આપીને તેણે થોડા દિવસમાં જ ઇહલોકમાંથી ચિર વિદાય લીધી હતી. હું, તમે અને બીજાંઓ એ યોગભ્રષ્ટ આત્માને આજે ક્ષેમરાજના સ્વરૂપમાં જોઈ રહ્યાં છીએ. પૂર્વભવની અધૂરી રહેલી તિતિક્ષાને પૂરી કરવા તે ઇચ્છતો હોવો જોઈએ. તેના વર્તનમાંથી મોડું મોડું પણ એ જ રહસ્ય મને લાધ્યું છે, રાણીજી !"

ઉદયમતી એ સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ, પણ પતિની વાણી પરની તેની શ્રદ્ધા એકસરખી અડગ રહી. બકુલાદેવીને તેણે જોઈ હતી, થોડા દિવસ તેની નિકટમાં તે રહી હતી, તેના સંબંધમાં ચિત્ર-વિચિત્ર વાતો તેણે સાંભળી હતી, પરંતુ ત્યારે ઉદયમતીના અંતરમાં સપત્નીભાવની કાલિમા વ્યાપી હતી; પેલા યોગભ્રષ્ટ આત્મા તરફ અંગુલિનિર્દેશ કરીને અને તેની યોગિની માતાના અંતઃસ્વરૂપની ઓળખ આપીને પતિએ જે કાંઈ કહ્યું હતું તેથી રાણીના અંતરની કાલિમા દૂર થઈ જતાં તેમાં અપૂર્વ પ્રકાશ પથરાવા પામ્યો હતો. એ પ્રકાશમાં તેણે બેઉને નીરખ્યાં, ઓળખ્યાં, અને તત્ક્ષણ પતિના ચરણ પર તેનું માથું ઢળ્યું. તેની આંખોમાં આર્દ્રતા પ્રકટી. તે જોઈ ભીમદેવની આંખોમાંથી કૃતજ્ઞતા દ્રવવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયત દિવસે કર્ણનો રાજ્યાભિષેક થયો, અને ગુજરાતભરના માંડલિકો, મંડલેશ્વરો તથા નાગરિકોએ તેના રાજશાસનને વધાવી લીધું.

વધુ ને વધુ અશક્ત થતા જતા શરીરને કારણે તીર્થનિવાસનો ભીમદેવનો મનોભાવ પાર ન પડ્યો અને થોડા દિવસમાં તેનો સ્વર્ગનિવાસ થયો.

કર્ણે ગુજર્જરેશ્વરના રાજસિંહાસન પર બેસીને મોટા ભાઈને દધિસ્થળી મંડલના અધીશ્વર તરીકે સ્થાપ્યો. સરસ્વતીને તીરે આવેલા મંડુકેશ્વર મહાદેવના મંદિરથી શોભિત તથા કીર્તિત એવા એ સ્થાનમાં સહકુટુંબ વસીને ક્ષેમરાજે પ્રભુચિંતન તથા આત્મ-ચિંતનમાં સંસારી જીવન પૂરું કર્યું. દેવપ્રસાદ રાજસેવાને અને પિતૃસેવાને સમાન ધર્મો સમજતો તથા જીવનયાપન કરતો રહ્યો. ક્ષેમરાજના અવસાન પછી તે દધિસ્થળીનો મહામંડલેશ્વર થયો. *

---

* અંજલિ : મધુર કથા આપીને કથાકાર વિદાય થયા !

ધર્મનો આદર્શ રજૂ કરતી આ સરસ, સરળ, હૃદયંગમ ઐતિહાસિક સમર્પણકથા શ્રી ચુનીભાઈએ તા. ૯-૫-૧૯૬૫ના રોજ લખી હતી. એ કથા મોકલતી વખતે શ્રી ચુનીભાઈએ મારા ઉપર નીચે મુજબ પત્ર લખ્યો હતો :—

ગિરધરનગર, શાહીબાગ
અમદાવાદ તા. ૯-૫-૧૯૬૫

શ્રી કાંતિલાલ કોરા,

શ્રી. મ. જૈ. વિ. ના સુવર્ણમહોત્સવના ગ્રંથ માટે આ સાથે એક ઐ૦ નવલિકા મોકલી છે. પહોંચ લખશો.

લિ. સેવક
ચુનીલાલ વ. શાહ

લખાયા પછી બે વર્ષ કરતાંય લાંબા સમયે આ મનોહર સાહિત્યકૃતિ પ્રગટ થાય છે ત્યારે શ્રી ચુની-ભાઈ આ ગ્રંથ જોવા માટે આપણી વચ્ચે હયાત નથી તેથી અંતર ઊંડી વેદના અનુભવે છે. તેઓ તા. ૧૨-૫-૬૬ના રોજ વિદેહ થયા, એ વાતનેય દોઢેક વર્ષ થવા આવ્યું ! જવાનું તો કોને નથી ? શ્રી ચુનીભાઈ જીવનભર નિષ્ઠા અને એકાગ્રતાપૂર્વક સરસ્વતીઉપાસના કરીને એક કૃતાર્થ સારસ્વત તરીકે અમર બની ગયા. એમની પ્રશાંત વિદ્યાનિષ્ઠા અને સાદી-સ્વસ્થ જીવનરીતિને આપણે ચિરકાળ સુધી યાદ કરતાં રહીશું.

છેક છેલ્લી અવસ્થામાં લખાયેલી, કદાચ અંતિમ લેખી શકાય એવી, આ કૃતિમાં પણ શ્રી ચુની-ભાઈની કલમની સુગમતા, સ્વસ્થતા, મધુરતા અને ભાષા અને શૈલીની ઠાવકાઈ અને પ્રૌઢતા દેખાઈ આવ્યા વગર નથી રહેતી. શ્રી ચુનીભાઈની આ કૃતિનું અંતરથી સ્વાગત હો ! એ કૃતિના યશનામી કર્તાને આપણા અંતરના પ્રણામ હો !

કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા
મંત્રી, સંપાદક મંડળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org